જોધપુરમાં આસારામની આકરી પૂછપરછ

ઈંદોર,તા. ૧

બળાત્કારના આક્ષેપોનો સામનો કરી રહેલા આસારામ બાપુની આજે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે જોધપુર લાવવામાં આવ્યા બાદ પોલીસ દ્વારા આકરી પૂછપરછ કરવામાં આવી હતી. પૂછપરછ કરાયા બાદ આસારામને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં કોર્ટે આસારામને એક દિવસ માટે પોલીસ રિમાન્ડ પર લેવાનો આદેશ કર્યો હતો. અગાઉ ઈંદોરથી લાવવામાં આવ્યા બાદ બપોરના ગાળામાં તેમની પૂછપરછ કરાઈ હતી. જે દરમિયાન પોલીસે તમામ વેધકપ્રશ્નો કર્યા હતા. પૂછપરછનો દોર પૂર્ણ કરી લીધા બાદ પોલીસ અધિકારીએ પત્રકાર યોજીને આ બનાવ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. પોલીસ અધિકારીએ કહ્યું હતું કે, તમામ પાસાઓમાં તપાસ ચાલી રહી છે. તબીબી રિપોર્ટ પણ તૈયાર થઈ રહ્યા છે. હાલના તબક્કે વધારે વાત કરવી યોગ્ય રહેશે નહીં. આજે પૂછપરછ દરમિયાન આસારામે સહકાર આપ્યો હતો પરંતુ પોલીસ અધિકારીએ કબુલાત કરી હતી કે, આસારામ હજુ પણ સમગ્ર મામલામાં નિર્દોષ હોવાની વાત કરી રહ્યાં છે. એડીશનલ કમિશનર ઓફ પોલીસ સતિષના નેતૃત્વમાં રાજસ્થાન પોલિસની ટુકડી દિલ્હીમાં વિમાનથી રવાના થયા બાદ એરઈન્ડીયાની ફ્લાઈટ મારફતે બપોરે ૧૨.૩૦ વાગ્યે જોધપુર પહોંચ્યા હતા.એરપોર્ટથી બહાર આવ્યા બાદ આસારામ સાત લક્ઝરી વાહનોના કાફલા સાથે રવાના થયા હતા. આસારામને મનદોરેમાં રાજસ્થાન આર્મ્ડ બટાલિયન કેંપસમાં લઈ જવાયા હતા જ્યાં તેમની પૂછપરછ કરાઈ હતી. આસારામને સ્પોર્ટ્સ ચકાસણી માટે પણ લઈ જવામાં આવશે તેમ ડીસીપી અજયપાલ લાંબાએ કહ્યું હતું.

અગાઉ શનિવારે અડધી રાત બાદ ઈંદોર આશ્રમથી ધરપકડ કરવામાં આવ્યા બાદ રાજસ્થાન પોલીસ તેમને ફ્લાઈટથી દિલ્હી મારફતે લઈને જોધપુર રવાના થઈ હતી. ઈંદોરથી સવારે ૭.૩૦ વાગે રવાના થયેલી ફ્લાઈટ દિલ્હીમાં ઊતરી હતી. ત્યારબાદ આસારામને સીધી રીતે જોધપુર લઈ જવામાં આવ્યા હતા. સૂત્રોએ કહ્યું છે કે દિલ્હી



લાવવામાં આવી રહ્યા હતા ત્યારે આસારામ માળા જપતાં નજરે પડ્યા હતા. જ્યારે કેટલીક વખત ધ્યાનમાં જવાના પ્રયાસમાં દેખાયા હતા. આસારામ સહિત પોલીસ ટુકડી બપોરમાં જોધપુર પહોંચી ગઈ હતી. સમર્થકોના સંભવિત ધસારા અને ધાંધલ ધમાલને ધ્યાનમાં લઈને જોધપુરમાં પહેલાથી જ સઘન સુરક્ષા ગોઠવવામાં આવી હતી. આ ઉપરાંત આસારામના જોધપુર આશ્રમને પણ ખાલી કરી દેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આ અગાઉ ધરપકડને ટાળવાના તમામ પ્રયાસો કર્યા બાદ શનિવારે અડધી રાત પછી રાજસ્થાનથી જોધપુર પોલીસે આસારામની ઈંદોર આશ્રમમાંથી ધરપકડ કરી લીધી હતી. આસારામને રાત્રી ગાળા દરમિયાન ઈંદોર વિમાની મથકે રાખવામાં આવ્યા બાદ સવારે સાડા સાત વાગે રાજસ્થાન પોલીસની ટીમ લઈને ઈન્ડિયન એરલાઈન્સની ફ્લાઈટ એઆઈ ૬ ઉપથી દિલ્હીના માર્ગે જોધપુર રવાના થઈ હતી. ઈંદોર આશ્રમમાં ધરપકડને ટાળવા માટે આસારામે ખૂબ બહાનાબાજી કર્યા હતા. જોધપુર પોલીસની ટીમ મેડીકલ રિપોર્ટ સાથે આશ્રમમાં પહોંચી હતી. આસારામને કોઈપણ પ્રકારની તકલીફ નથી તેવી ખાતરી કરી લેવામાં આવી હતી. જોધપુર પોલીસને આશ્રમની પાસે આશરે આઠ કલાક સુધી ઈંતજાર કરવાની ફરજ પડી હતી ત્યારબાદ તેમની ધરપકડ કરી લેવાઈ હતી. ઈંદોર પશ્ચિમના એસપી અનીલસિંહ કુશવાએ કહ્યું હતું કે આસારામને જોધપુર પોલીસ ધરપકડ કરી ચૂકી છે.

૧૬ વર્ષની યુવતીએ જોધપુરમાં આસારામ ઉપર રેપના આક્ષેપોના સંબંધમાં એફઆઈઆર દાખલ કરાવી હતી. આસારામે બિમારીથી લઈને સત્સંગ સુધીના બહાના મારફતે જોધપુર પોલીસથી બચવાના પ્રયાસો કર્યા હતા. જ્યારે જોધપુર પોલીસની ટીમ પૂછપરછ માટે આશ્રમ પહોંચ્યા ત્યારે આસારામે સત્સંગ શરૂ કરી દીધા હતા. સત્સંગમાં આસારામે કહ્યું હતું કે તેઓ જેલમાં જશે તો મોટા લોકોની ઈચ્છા પૂરી થશે. તેમને એમ પણ કહ્યું હતું કે તેમની ધરપકડ થશે તો ચાર કરોડ સાધકોના દિલ પણ જેલમાં રહેશે.

મંદી વચ્ચે યોજના ખર્ચમાં કાપ મૂકવા સરકાર ઈચ્છુક

નવી દિલ્હી,તા. ૧

ડૉલર સામે રૂપિયામાં ધોવાણની સ્થિતિ જોવા મળી રહી છે. આ ઉપરાંત અર્થતંત્રમાં મંદી પ્રવર્તી રહી છે. આવી સ્થિતિમાં સરકાર વધુ કેટલાક પગલાં લેવા જઈ રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સરકાર વર્તમાન નાણાંકીય વર્ષમાં યોજના ખર્ચમાં કાપ મૂકવાની યોજના ધરાવે છે. ૪.૮ ટકાના ફિસ્કલ ડેફિસીટ ટાર્ગેટને વળગી રહેવા માટે યોજના ખર્ચમાં કાપ મૂકવાની યોજના સરકાર તૈયાર કરી ચૂકી છે. આયોજન પંચના નાયબ અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયાએ કહ્યું છે કે હજુ સુધી કોઈપણ વિધિવત દરખાસ્ત તૈયાર કરવામાં આવી નથી પરંતુ વિચારણા ચોક્કસપણે ચાલી રહી છે. યોજના ખર્ચમાં કાપની કોઈ યોજના છે કે કેમ તે અંગે સ્પષ્ટપણે વાત થઈ રહી નથી. આહલુવાલિયાએ કહ્યું હતુ કે ૪.૮ ટકાનો ફિસકલ ડેફિસીટ ટાર્ગેટ સરકાર માટે પડકારરૂપ છે. સરકાર કોઈ લક્ષ્મણ રેખા પાર કરવા ઈચ્છુક નથી. વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ૫.૨ ટકાના સુધારવામાં આવેલા ફિસકલ ડેફિસીટ ટાર્ગેટને વળગી રહેવા ૯૨૦૦૦ કરોડ સુધી યોજના ખર્ચમાં ચિદમ્બરમ્ ઘટાડો કરી ચૂક્યા છે. આ ડેફિસીટ અંતે જીડીપીના ૪.૯ ટકા સુધી રહ્યો છે. આર્થિક મંદીના પરિણામ સ્વરૂપે નાણાંમંત્રી કરવેરા વસૂલાત માટેના અંદાજને ઘટાડીને નવા અંદાજ ઉપર મૂકી ચૂક્યા છે. આશરે ૬૪૦૦૦ કરોડ સુધી કરવેરા વસૂલાત માટે અંદાજમાં ઘટાડો કરવામાં આવી ચૂક્યો છે. યોજના ખર્ચને લઈને પણ ગણતરી ચાલી રહી છે. વર્ષ ૨૦૧૩-૧૪ માટે યોજના ખર્ચનો અંદાજ ૫.૫૫ લાખ કરોડની આસપાસનો છે. ચિદમ્બરમ્ કહી ચૂક્યા છે કે સરકાર વર્તમાન નાણાંકીય વર્ષ માટે ફિસકલ ડિફિસીટ ટાર્ગેટને વળગી રહેશે. અર્થતંત્રમાં મંદીના લીધે ઘણા પડકારો ઊભા થયા છે.

તહેવારની સિઝન પહેલા કેન્દ્ર સરકાર જાહેરાત કરશે

ડીએમાં૧૦ ટકાનો ટુંક સમયમાં વધારો થશે :૮૦ લાખને ફાયદો

નવી દિલ્હી,તા. ૧

તહેવારની સિઝન પહેલા કેન્દ્ર સરકાર મોંઘવારી ભથ્થામાં વધારાની જાહેરાત કરે તેવી શક્યતા છે. મળેલી માહિતી મુજબ મોંઘવારી ભથ્થાને વર્તમાન ૮૦ટકાથી વધારીને૯૦ટકા કરવામાં આવે તેવી શક્યતા છે. ટુંકમાં ડીએમાં ૧૦ ટકા સુધીનો વધારો કરવામાં આવે તેવી શક્યતા છે. આ નિર્ણયથી કુલ ૮૦ લાખ કર્મચારીઓને સીધી રીતે ફાયદો થશે. સત્તાવાર સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે આશરે ૫૦ લાખ કેન્દ્રિય કર્મચારીઓ અને ૩૦ લાખ પેન્શનરોને સીધો ફાયદો થશે. આ ઘટનાક્રમ પર નજર રાખી રહેલા સુત્રોએ કહ્યું છે કે ડીએમાં વધારો ૧૦ ટકાની આસપાસ રહેશે. આને આ વર્ષે પહેલી જુલાઈથી અમલી ગણવામાં આવશે. જુન માટે ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સ માટેના ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સની બાબતોને ધ્યાનમાં લેવામાં આવ્યા બાદ આંકડાની ગણતરી કરવામાં આવી રહી છે. ૩૦મી ઓગષ્ટના દિવસે જારી કરવામાં આવેલા સુધારેલા આંકડામાં જણાવાયું છે કે જુન માટે ફેક્ટરી વર્કરો માટે રીટેલ ફુગાવાનો આંકડો ૧૧.૬૩ ટકા હતો. જે જુલાઈ ૩૧ અંગે જારી કરવામાં આવેલા મહિના માટેના અંદાજ કરતા વધારે હતો. સુત્રોએ કહ્યું છે કે જુનના મહિના માટે સુધારવામાં આવેલા અંદાજનો આંકડો ઉપલબ્ધ છે જેથી નાણાં મંત્રાલય દ્વારા કેન્દ્રિય કેબિનેટની મંજૂરી લેવા માટે એક દરખાસ્ત ટુંક સમયમાં તૈયાર કરવામાં આવશે. સુત્રોએ કહ્યું છે કે દરખાસ્ત આ મહિનામાં જ રજૂ કરવામાં આવનાર છે. આશરે ત્રણ વર્ષના લાંબા ગાળા બાદ પ્રથમ વખત ડીએમાં વધારો બે આંકડામાં રહેશે.વર્ષ ૨૦૧૦માં સપ્ટેમ્બરમાં છેલ્લે સરકારે ડીએમાં ૧૦ ટકાના વધારાની જાહેરાત કરી હતી. આને પહેલી જુલાઈ ૨૦૧૦થી અમલી ગણવાની જાહેરાત કરવામાં આવી હતી. એપ્રિલ ૨૦૧૩માં ડીએને ૭૨ ટકાથી વધારીને ૮૦ ટકા કરવાની જાહેરાત કરાઈ હતી. આને આ વર્ષે પહેલી જાન્યુઆરી અમલમાં ગણવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. પ્રથા મુજબ સરકાર કોઈ પણ ડીએમાં વધારો કરવા માટે આંકડા પર પહોંચવા માટે એક વર્ષમાં અથવા તો છેલ્લા ૧૨ મહિનાના સીપીઆઈ-આઈડબલ્યુના ડેટાને ધ્યાનમાં લે છે. જેથી રીટેલ ફુગાવાના આંકડાને અંતિમ નિર્ણય પર પહોંચવા માટે ધ્યાનમાં લેવામાં આવે છે. પેટ્રોલ અને ડીઝલ સહિત દરેક જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં તીવ્ર વધારો થઈ રહ્યો છે.ત્યારે મોંઘવારી ભથ્થામાં વધારો કરવામાં આવ્યા બાદ લોકોને મોટી રાહત મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. કેન્દ્રીય કર્મચારીઓને દિવાળી પહેલાં આ રકમની ચુકવણી કરવામાં આવે તેવા હેવાલથી ખુશીનું મોજું ફરી વળ્યું છે.

યાસીનને બે મહિના સુધી આઈએસઆઈએ તાલીમ આપી

નવી દિલ્હી,તા. ૧

ઈન્ડિયન મુજાહીદીનના ઝડપાયેલા ખતરનાક આતંકવાદી યાસીન ભટકલની આકરી પૂછપરછનો દોર ચાલી રહ્યો છે. યાસીન એક પછી એક વિગતો પોલીસને આપી રહ્યો છે. હવે એવું જાણવા મળ્યું છે કે યાસીનને વર્ષ ૨૦૦૬માં બે મહિના સુધી આતંકવાદી અંગેની તાલીમ આપવામાં આવી હતી. પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈએ ભટકલને ખતરનાક હથિયારો અંગેની તાલીમ આપી હતી. જાણકાર સૂત્રોએ કહ્યું છે કે યાસીને તેની ટ્રેનીંગ અંગેની માહિતી પૂછપરછ દરમિયાન આપી હતી. આ ઉપરાંત આતંકવાદીઓની ભરતી, વિસ્ફોટકોના ઉપયોગની માહિતી પણ આપી હતી. હજુ સુધી ઈન્ટલિજન્સ સંસ્થાઓ એમ માની રહી હતી કે માત્ર લશ્કરે તોયબા દ્વારા જ પાકિસ્તાનમાં આતંકવાદી ટેનીંગ કેમ્પો ચલાવવામાં આવી રહ્યા છે અને નવા ભરતી થયેલા શખસોને તાલીમ અપાઈ રહી છે પરંતુ હવે યાસીને કહ્યું છે કે અન્ય આતંકવાદી સંગઠનોની સાથે સાથે કેટલાક ટોચના લીડરો પણ આ પ્રવૃત્તિમાં જોડાયેલા છે. તપાસ સંસ્થાઓ માને છે કે યાસીનના ધડાકાથી સાબિત થાય છે કે આઈએસઆઈ સાથે આતંકવાદીઓની સાંઠગાંઠ રહેલી છે. અગાઉ પણ આ બાબત સપાટી ઉપર આવી ચૂકી છે. મળેલી માહિતી મુજબ કેન્દ્રીય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદે આવતીકાલે આ સંબંધમાં મહત્વપૂર્ણ નિવેદન કરે તેવી શક્યતા છે. આમા આઈએસઆઈ અને લશ્કરે તોયબાનો ઉલ્લેખ કરવામાં આવે તેમ માનવામાં આવે છે. ઈન્ડિયન મુજાહીદીન મુખ્ય રીતે કરાચી પ્રોજેક્ટ સાથે સંબંધ ધરાવે છે. સેવા બજાવી રહેલા અને નિવૃત્ત થયેલા આઈએસઆઈના અધિકારીઓ તથા તોયબા અને હુજુ જેવા જેહાદી સંગઠનો વચ્ચે સહકાર તરીકે પણ આ સંગઠન કામ કરે છે. યાસીને પૂછપરછ દરમિયાન એમ પણ કહ્યું હોવાનું જાણવા મળે છે કે તે આઈએસઆઈ ઓફિસરના સંપર્કમાં હતો જે લેપ્ટી કર્નલના રેન્કનો હોઈ શકે છે. ભારત સામે આતંકવાદી હુમલાઓ કરવા માટે તેને વારંવાર સૂચના આપવામાં આવી હતી. આઈએસઆઈ ઓફિસરે હવાલા ચેનલ મારફતે યાસીનને જંગી નાણાં પણ મોકલ્યા હતા. આ ઉપરાંત ઈન્ડિયન મુજાહીદીનમાં વધુ ભારતીય યુવાનોની ભરતી કરવા માટે પણ જવાબદારી સોંપાઈ હતી.

ઈરાનથી તેલ આયાતને વધારવાની નવી યોજના

નવી દિલ્હી,તા. ૧

પેટ્રોલિયમ પ્રધાન એમ, વિરાપ્પા મોઈલીએ આજે કહ્યું હતું કે ઈરાન પાસેથી ક્રુડ ઓઈલની આયાતને વધારી દઈને વર્તમાન નાણાંકીય વર્ષમાં ફોરેન એક્સચેજમાં અથવા તો વિદેશી હુંડિયામણ સ્વરૂપે ૮.૫ અબજ ડોલર બચાવી લેવાની યોજના તૈયાર કરી લેવામાં આવી છે. તેલની આયાત કરવા બદલ ભારતે છેલ્લા નાણાકીય વર્ષમાં ૧૪૪.૨૯ અબજ ડોલરની ચુકવણી કરી હતી. ભારત ઈરાન પાસેથી આયાત કરવા માટે ફરી કરાર કરવામાં વ્યસ્ત છે. અન્ય દેશો પાસેથી આયાતના બદલે ઈરાન પાસેથી ક્રુડની આયાત કરવામાં આવશે.

વિદેશી હુંડીયામણ ખર્ચમાં ૨૦ અબજ ડોલર બચાવી લેવાની યોજના અંગે વિગત આપતા મોઈલીએ ૩૦મી ઓગસ્ટના દિવસે વડાપ્રધાન મનમોહનસિંહને પત્ર લખીને કહ્યું હતું કે, આ નાણાકીય વર્ષમાં બાકીના ગાળામાં ઈરાન પાસેથી ૧૧ મિલીયન ટન ક્રુડની આયાત કરવામાં આવશે. આશરે બે મિલીયન ટન ક્રુડ ઈરાન પાસેથી હજુ સુધી આયાત કરવામાં આવ્યું છે. વધારાના ૧૧ મિલીયન ટન ક્રુડની આયાત ઈરાન પાસેથી કરવામાં આવશે. આના કારણે અમેરિકી ડોલરમાં વિદેશી હુંડીયમણમાં ૮.૪૭ અબજ ડોલર બચાવી લેવાશે. વડાપ્રધાન પાસેથી આ અંગે વધુ સલાહ માંગવામાં આવી છે.

આરટીઆઈ સુધાર બિલ આજે ચર્ચા માટે લોકસભામાં હાથ ધરાશે

નવી દિલ્હી,તા. ૧

રાઈટ ટુ ઈન્ફરમેશન (સુધારા બિલ ૨૦૧૩) આવતીકાલે ચર્ચા માટે હાથ ધરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આરટીઆઈ એક્ટમાં સુધારા કરવાની માંગ કરતા આ બિલ ઉપર લોકસભામાં ચર્ચા હાથ ધરાશે. રાઈટ ટુ ઈન્ફરમેશન (આરટીઆઈ) કાયદાની સમીક્ષાથી રાજકીય પક્ષોને દૂર રાખવાની કટિબદ્ધતા સરકાર પરોક્ષ રીતે દર્શાવી ચૂકી છે. મનમોહનસિંહ સરકારે લોકસભાના અધ્યક્ષને આરટીઆઈ એક્ટ હેઠળ સુધારા અંગેની બાબતને સંસદની સ્થાઈ સમીતિને ન સોંપવા પહેલાંથી જ અપીલ કરી ચૂકી છે. આ બિલ સુધી રીતે પસાર માટે સાંસદો સમક્ષ રજૂ કરાશે. છઠ્ઠી સપ્ટેમ્બર પહેલાં સંસદના બંને ગૃહો દ્વારા આ બિલને પસાર કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. પારદર્શક કાયદાની હદથી દૂર રહેવા તમામ રાજકીય પક્ષો એકમત દેખાઈ રહ્યા છે. પારદર્શક કાયદા હેઠળ માહિતી આપવાથી રાજકીય પક્ષોને રાહત આપવાના હેતુસર બિલમાં સુધારા કરવાની માંગ કરવામાં આવી છે. રાઈટ ટુ ઈન્ફરમેશન બિલ ૨૦૧૩ નીચલા ગૃહમાં ૧૨મી ઓગસ્ટના દિવસે પેન્શન બાબતોના પ્રધાન વી નારાયણ સામીએ રજૂ કર્યું હતું. નારાયણ સામી આ બિલ રજૂ કરીને રાઈટ ટુ ઈન્ફરમેશન એક્ટમાં સુધારાની રજૂઆત કરશે. અગાઉ ૨૩, ૨૪, ૨૬ અને ૨૯મી ઓગસ્ટના દિવસે આરટીઆઈ સુધારા બિલ અંગે ચર્ચા થઈ શકી ન હતી. કેન્દ્રીય કેબિનેટે ગયા મહિનામાં રાજકીય પક્ષોને રાહત આપવા આરટીઆઈ એક્ટમાં સુધારાની મંજૂરી આપી હતી. છ રાજકીય પક્ષો (કોંગ્રેસ, ભાજપ, એનસીપી, સીપીઆઈએમ, સીપીઆઈ અને બહુજન સમાજ પાર્ટી)ને આરટીઆઈ એક્ટ હેઠળ લાવવા સેન્ટ્રલ ઈન્ફરમેશન કમીશનના આદેશના બે મહિના બાદ કેબિનેટ નિર્ણય લેવાયો હતો. સરકાર એક્ટની કલમ બેમાં સુધારાની ઈચ્છા ધરાવે છે જેમાં રાજકીય પક્ષોને બચાવવાની જોગવાઈ રહેલી છે.

ટાટા ગ્રુપ માર્કેટ વેલ્યુ ૬ લાખ કરોડની નજીક છે

નવી દિલ્હી,તા. ૧

શેર બજારમાં તાજેતરમાં જ જોરદાર કડાકાના દોર વચ્ચે પણ મોટાભાગેબિનઅસરકારકરહેલા ટાટા ગ્રુપની માર્કેટ વેલ્યુ હવે ૬ લાખ કરોડની આસપાસ પહોંચવાની તૈયારી છે. ટાટા ગ્રુપની માર્કેટ કિંમત ૬ ટ્રીલિયન રૂપિયા અથવા તો ૬ લાખ કરોડની આસપાસ પહોંચવાની તૈયારીમાં છે તેવી માહિતી આજે આપવામાં આવી હતી. ટાટા ગ્રુપની તમામ ૩૨ લિસ્ટેડ કંપનીઓની સંયુક્ત માર્કેટ મૂડી શુક્રવારે ૫.૯૦ લાખ કરોડ વધી ગઈ હતી. દેશમાં કોઈપણ બિઝનેસ હાઉસ માટે આ સૌથી મોટી રકમ છે. બીજા ક્રમાંકે રહેલા મુકેશ અંબાણીના નેતૃત્વમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપ કરતાં તેની માર્કેટ કિંમત બે ઘણી થઈ ગઈ છે. ટાટા ગ્રુપની કુલ માર્કેટ વેલ્યુ દેશમાં ત્રણ અગ્રણી બિઝનેસ હાઉસ મુકેશ અંબાણીના નેતૃત્વમાં આરઆઈએલ, કુમાર મંગલમ બિરલા નેતૃત્વમાં આદિત્ય બિરલા ગ્રુપ અને અનિલ અંબાણીના નેતૃત્વમાં રિલાયન્સ ગ્રુપ કરતાં પણ વધારે છે.

શેરબજારમાં આ સપ્તાહ દરમિયાન ઊથલ પાથલનો દોર યથાવત્ રહેવાના સંકેત

મુંબઈ,તા. ૧

શેરબજારમાં આ સપ્તાહ દરમિયાન ઊથલ પાથલનો દોર યથાવત્ રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. આ ઉપરાંત રૂપિયામાં પણ ઉતાર ચઢાવની સ્થિતિ રહેશે. તમામ બાબતો વિદેશી ફંડ પ્રવાહ ઉપર આધારિત રહેવાની શક્યતા દેખાઈ રહી છે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે શેરબજારમાં હાલ સાવધાનીપૂર્વકનું વલણ રોકાણકારો અપનાવે તે જરૂરી છે. કારણ કે ઊથલ પાથલની સ્થિતિમાં નુકસાન થવાની શક્યતા દેખાઈ રહી છે. ઓટો અને સિમેન્ટના શેર ઉપર રોકાણકારો મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરે તેમ માનવામાં આવે છે. કારણ કે આ સેક્ટરની કંપનીઓ ઓગસ્ટ મહિના માટેના તેમના માસિક વેચાણના આંકડા જાહેર કરનાર છે. શુક્રવારના દિવસે નિફ્ટીમાં ભારે ઊથલ પાથલ જોવા મળી હતી. જો કે અંતે નિફ્ટી ૫૪૫૦ની સપાટીએ રહ્યો હતો. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે નિફ્ટી આગામી થોડાક સેશનમાં તેજી સાથે આગળ વધીને ૫૫૦૦ની સપાટી સુધી પહોંચી શકે છે. સામાહિક ઘટનાક્રમ દર્શાવે છે કે શેરબજારમાં હાલ સ્થિતિ એકદમ સાનુકૂળ રહેશે નહીં.

સંસદમાં વડાપ્રધાન મનમોહનસિંહ ખાતરી આપી ચૂક્યા છે કે રૂપિયામાં પતનને રોકવાના પગલાં લેવાઈ રહ્યા છે. વડાપ્રધાનની ખાતરી બાદ અમેરિકી ડૉલર સામે રૂપિયો ૬૫.૭૦ની સપાટીએ બંધ રહ્યો હતો. એક્સચેન્જ રેટમાં અચાનક ઘટાડો આઘાત જનક છે તે બાબત વડાપ્રધાન કબૂલી ચૂક્યા છે પરંતુ તેઓએ કેપિટલ કંટ્રોલની શક્યતાને નકારી કાઢી છે. વિદેશી મૂડીરોકાણકારો છેલ્લા સપ્તાહમાં ભારતીય શેરબજારમાંથી ૨૦૦૦ કરોડ રૂપિયા પાછા ખેંચી ચૂક્યા છે. આવતીકાલે સોમવારે શેરબજારમાં આર્થિક વિકાસદરના આંકડાને લઈને પ્રતિક્રિયા જોવા મળી શકે છે. આની જાહેરાત શુક્રવારે માર્કેટના કલાકો બાદ કરવામાં આવનાર છે. એપ્રિલ-જૂનના ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસના આંકડા ઘટીને ૪.૪ ટકા થયા છે. પમી સપ્ટેમ્બરના દિવસે નવા ગવર્નર તરીકે આરબીઆઈની જવાબદારી રઘુરામ રાજને સંભાળી લીધા બાદ નવી પ્રતિક્રિયાઓ જોવા મળી શકે છે.

સચિન તેંદુલકર ઘરઆંગણે જ ૨૦૦મી ટેસ્ટ મેચ રમશે

કોલકાતા,તા.૧

માસ્ટર બ્લાસ્ટર બેટ્સમેન સચિન તેંદુલકર ઘર આંગણે જ ૨૦૦મી ટેસ્ટ મેચ રમીને નવો ઈતિહાસ સર્જે તેવી શક્યતા દેખાઈ રહી છે. કારણકે બીસીસીઆઈ દક્ષિણ આફ્રિકાના આ વર્ષનાં અંતે પ્રવાસ હાથ ધરતાં પહેલાં વેસ્ટઈન્ડીઝ સામે એક શ્રેણીનું આયોજન કરવા વિચારી રહ્યું છે. ટુંક સમયમાં જ આને મંજુરી મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. બે ટેસ્ટ મેચો અને પાંચ વનડે મેચો રમવા માટેનું આમંત્રણ વેસ્ટઈન્ડીઝને આપવાનો નિર્ણય આજની બીસીસીઆઈની કારોબારી સમિતીની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. બીસીસીઆઈના એક ટોચના અધિકારીએ વિગત આપતા કહ્યું હતું કે, અમે આ સંબંધમાં વેસ્ટઈન્ડીઝ ક્રિકેટ બોર્ડને એક દરખાસ્ત મોકલી ચુકયા છીએ. આ શ્રેણી માટેની તમામ રૂપરેખા ટૂંકમાં જ ઘડી કાઢવામાં આવશે. વેસ્ટઈન્ડીઝ સામેની આ શ્રેણીથી સચિન તેંદુલકરને વધુ એક મોટી સિદ્ધી હાસિલ કરી લેવાની તક મળશે.

શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

સ્વભાવે સહજ - સરલ અને કવન પ્રત્યે વિદ્યેતક સુંદર વલણ ધરાવવાની સજ્જતા અને ચિંતનની સર્જન સુધીના શબ્દોનો સહવાસ: આ તેમનું વ્યક્તિત્વ અત્યારે તો શાસકીય - આરોગ્ય વહીવટના માળખામાં પણ અસરકારક રીતે સક્રીય છે. તેથી જ ડો. મયંક પટેલ તેમની આ શબ્દયાત્રાને બે અશ્વો પર સવારી સાથે સરખાવે છે. આવી સુંદર અર્થપૂર્ણ રચનાઓ આપવા બદલ કવિને અભિનંદું છું.

'અર્થની શોધમાં...' (કાવ્ય સંગ્રહ)
કવિ : ડો. નીતીશ વોરા
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર, આંબાવાડી, અમદાવાદ-૧૫, પૃષ્ઠ : ૧૦૦, કિંમત - રૂા. ૧૦૦/-
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩

બીજી ઇનિંગ્સમાં મેદાનમાં ઉતરવા તૈયારી

કરીશ્મા કપૂર આઈટમ સોંગ મારફતે લોકપ્રિય થવા ઈચ્છુક

મુંબઈ,તા.૧

બોલિવૂડમાં હાલમાં આઈટમ નંબરની બોલબાલા દેખાઈ રહી છે. તમામ અભિનેત્રીઓ આઈટમ નંબર કરીને લોકપ્રિયતા મેળવવાના પ્રયાસમાં છે. કરીના કપૂર, કેટરીના કૈફ, પ્રિયંકા ચોપડા, દીપિકા સહિતની તમામ ટોચની અભિનેત્રીઓ આઈટમ સોંગ કરી ચૂકી છે. દરેક ફિલ્મમાં આઈટમ સોંગ ઉમેરવામાં આવી રહ્યા છે. મલાઈકા અરોરા ખાન અને કેટરીના કૈફ તેમજ સની લિયોનના આઈટમ સોંગની ભારે ધૂમ રહ્યા બાદ હવે ટોચની અભિનેત્રીઓ પણ આઈટમ સોંગ કરી રહી છે. આ જ દિશામાં આગળ વધીને હવે વિતેલા વર્ષોની અભિનેત્રી કરીશ્મા કપૂર પણ આઈટમ નંબર કરવા જઈ રહી છે. કરીશ્મા કપૂરે થોડાક સમય પહેલાં બોલિવૂડમાં ફરી એકવાર વાપસી કરી હતી. જો કે તેની ફિલ્મને સફળતા હાથ લાગી ન હતી. તેને નિષ્ફળતા મળી હતી. હવે તેની નાની બહેન કરીના કપૂરથી બોધપાઠ લઈને કરીશ્મા કપૂર પણ આગળ વધવા જઈ રહી ચે. ગયા વર્ષમાં કરીના કપૂરે કેટલાક આઈટમ સોંગ કર્યા હતા અને તમામને લોકપ્રિયતા મળી હતી. કરીશ્મા કપૂર કઈ ફિલ્મમાં આઈટમ સોંગ કરવા જઈ રહી છે તે અંગે હજુ માહિતી મળી નથી પરંતુ કરીશ્માએ પણ આઈટમ સોંગ કરવા તૈયારી બતાવી છે જેથી આવનાર દિવસોમાં પણ અન્ય નિર્માતા, નિર્દેશકો પણ કરીશ્મા કપૂરને આઈટમ સોંગ માટે ઓફર કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. વિતેલા વર્ષોમાં કરીશ્મા કપૂરે અનેક સુપર હિટ ફિલ્મોમાં ભૂમિકા કરી હતી જેમાં દિલ તો પાગલ હૈ, બીવી નં. વન ફિલ્મનો સમાવેશ થાય છે. ગોવિંદા સાથે તેની ફિલ્મો બોક્સ ઓફિસ ઉપર ધૂમ મચાવવામાં સફળ રહી હતી.

સમાચાર ઝલક

- ♥ **સિરીયામાં રહેલા ભારતવાસીઓને પરત ફરવા સરકારી આદેશ - અમેરિકા ગમે ત્યારે હુમલો કરી શકે તેવી શક્યતા.**
- ♥ **ઉત્તરપ્રદેશમાં પુર હોનારતથી ૧૪નાં મોત.**
- ♥ **રેલ્વે અને પ્રાથમિક શિક્ષકની બે પરીક્ષાઓ યોજાઇ જેમાં મોટી સંખ્યામાં ઉમેદવારોએ પરીક્ષા આપી.**
- ♥ **'જેલમાં હું અપવિત્ર બનીશ' : આશારામ.**
- ♥ **જોધપુર અને ઇન્દોરમાં કડક સુરક્ષા કરાઇ.**
- ♥ **અમદાવાદમાં દબાણો કપાત વિના નિયમિત કરી આપવામાં આવશે.**
- ♥ **ડીસામાં સગીરા પર તાંત્રિક વિદ્યા વડે દુષ્કર્મ કરતો ભૂવો ઝડપાયો.**
- ♥ **વિરાટ કોહલી, રંજન સોટીને અર્જુન એવોર્ડથી રાષ્ટ્રપતિએ સન્માન કર્યું.**
- ♥ **જૂનાગઢ મહાનગર પાલિકાનું ૧ કરોડનું વીજબીલ બાકી હોવાથી નોટીસ આપતું વીજતંત્ર.**
- ♥ **વિદેશામાં નદીમાં બસ ખાબકી ૪૦થી વધુ ઇજાગ્રસ્ત.**
- ♥ **રૂપિયો તૂટતાં વિદેશી પર્યટકો ખુશખુશાલ.**
- ♥ **અમિતાભ-રેખાની જોડી ફરી ચમકશે.**
- ♥ **ઇરાનના કબજામાં તેલવાહક જહાજ, ૧૭ દિવસથી ભારતીયો સપડાયા છે.**
- ♥ **દેશમાં બાળ ન્યાય અદાલતો રચવામાં આવી છે, ૬૧૯ ન્યાય અદાલતો છે.**
- ♥ **દુષ્કર્મના કેસો ફાસ્ટટ્રેકમાં ચલાવવામાં ધરમુળથી ફેરફાર કરવાની જરૂર છે : સુપ્રીમકોર્ટ.**
- ♥ **વડોદરામાં આવકવેરાના મોટા પાયે દરોડા, બિલ્ડરો જાહેર કરેલ કાળું નાણું, કિલો-કીલો સોનાની ઇંટો પકડાઇ.**
- ♥ **પર્યુષણ પર્વ પ્રસંગે રાજયભરમાં કતલખાના બંધ રાખવા સરકારશ્રીનો હુકમ.**
- ♥ **નાના પાટેકરના આરોગ્ય વિષે ખોટી અફવા.**